# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-04-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

### આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

**************************************************

- ભાજપના ચૂંટણી ઢંઢેરા સમિતિની બેઠક નવી દિલ્હીમાં યોજાઇ. તેલંગાણામાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવાર નક્કી કરવા કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની પણ નવી દિલ્હીમાં બેઠક યોજાઈ.
- દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની ન્યાયિક અટકાયત આગામી 15 મી એપ્રિલ સુધી લંબાવવામાં આવી.
- વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતના અધ્યક્ષ પદે યોજાયેલી G-20 શિખર બેઠકને રાજકીય અને આર્થિક પુનઃસંતુલનનું ઉદાહરણ ગણાવ્યું.
- આજથી શરૂ થતાં નાણાકીય વર્ષમાં કર પ્રણાલીમાં કોઈ નવા ફેરફાર કરવામાં નથી આવી રહ્યા તેવી નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી.
- ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી ગુરુવાર સુધી વાવાઝોડા સાથે ભારે વરસાદ થવાની શક્યતા.
- આઈપીએલ ક્રિકેટમાં આજે મુંબઈમાં મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે.

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## BJP-MANIFESTO MEETING

ભાજપના  ચૂંટણી ઢંઢેરા સમિતિની બેઠક નવી દિલ્હીમાં પક્ષના મુખ્ય મથકે યોજાઇ. આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી માટે પક્ષના ઢંઢેરાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું.  ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વમાં 27 સભ્યોની સમિતિની આ પ્રથમ બેઠક છે. તેમા  કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ કન્વીનર  જ્યારે પીયૂષ ગોયલ પેનલના સહ-સંયોજક છે.

દરમિયાન, તેલંગાણામાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોના નામ નક્કી કરવા માટે કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની પણ નવી દિલ્હીમાં બેઠક યોજાઈ. આ બેઠકમાં પક્ષ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પક્ષના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી, તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડી અને અન્ય નેતાઓ ઉપસ્થિત રહયા છે.

-----------

## ASSAM-EVMs

આસામમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન મથકો પર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન -EVM મોકલતા પહેલા પ્રક્રિયાનો બીજો રાઉન્ડ  પૂર્ણ થઈ ગયો છે. આ પછી, પ્રથમ તબક્કામાં મતદાન મથકો પર ઈવીએમ અને વીવીપીએટી મોકલવામાં આવશે.

અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ આ પ્રક્રિયા ઉમેદવારો અને નિરીક્ષકોની હાજરીમાં EMS સોફ્ટવેર દ્વારા કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે આસામમાં ત્રણ તબક્કામાં મતદાન થશે. પ્રથમ તબક્કામાં જોરહાટ, ડિબ્રુગઢ, સોનિતપુર, કાઝીરંગા અને લખીમપુરમાં પાંચ બેઠકો માટે મતદાન થશે.

## REV PM-KATCHATHEEVU

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે કાચાથીવુ ટાપુ મુદ્દે ડીએમકેની ટીકા કરતાં  પક્ષે તમિલનાડુના હિતોની સુરક્ષા માટે કંઈ કર્યું ન હોવાનો આક્ષેપ કર્યો હતો. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રીમોદીએ કાચથીવુ મુદ્દે બહાર આવી રહેલી નવી વિગતોએ ડીએમકેના બેવડા ધોરણોને સંપૂર્ણપણે ઢાંકી દીધા  હોવાનો આરોપ લગાવ્યો  છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 1974માં ભારત અને શ્રીલંકા વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જે અંતર્ગત તત્કાલિન કોંગ્રેસ સરકાર દ્વારા શ્રીલંકાને કાચાથીવુ ટાપુ આપવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી શ્રી  મોદીએ  એક મીડિયા અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો જેમાં તે સમયે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી એમ. કરુણાનિધિને તત્કાલીન  પ્રધાનમંત્રી  ઇન્દિરા ગાંધી દ્વારા આ મુદ્દે વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા અને ડીએમકે

દ્વારા આ સોદાની વિરુદ્ધ વલણ હોવા છતાં આ કરાર માટે તેમની સંમતિ આપી હોવાનો  દાવો કરવામાં આવ્યો હતો.

આજે સવારે નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અને વિદેશ મંત્રી ડૉ. એસજયશંકરે પણ આ મુદ્દે ડીએમકે પર  પ્રહારો કર્યા હતા.

## fur. REV PM-MUMBAI VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતે આગામી 10 વર્ષમાં આર્થિક રીતે આત્મનિર્ભર બનવાની જરૂર છે. તેઓ  મુંબઈમાં ભારતીય રિઝર્વ બેંકના ૯૦ વર્ષ પૂરા થવાના અવસરે આયોજિત સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે ભારતીય બેન્કિંગ ક્ષેત્રમાં મોટાપાયે પરિવર્તન આવ્યું છે અને આ સંશોધનનો વિષય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારે PSU બેન્કોમાં  પુનરુત્થાન માટે 3.5 લાખ કરોડ રૂપિયાની મૂડીનો ઉપયોગ કર્યો છે.

શ્રી મોદીએ ઉમેર્યું હતું કે કેન્દ્રીય બેંક નાણાકીય કડક હોવા છતાં જી-સેક ઉપજને સ્થિર કરવામાં સફળ રહી છે અને ફુગાવાની અપેક્ષાઓને નિયંત્રિત કરવામાં પણ સફળ રહી છે.

આ પ્રસંગે બોલતા, RBI ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, એક સંસ્થા તરીકે રિઝર્વ બેંકની ઉત્ક્રાંતિ ભારતીય અર્થતંત્રના વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને નાણા રાજ્યમંત્રીઓ તેમજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તેમજ વિવિધ બેન્કો અને ઉદ્યોગોના પ્રતિનિધિઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## COURT-KEJRIWAL

દિલ્હીના મુખ્યમંત્રી અનેઆમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી આગામી 15 મી એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. રાઉઝ એવન્યુ અદાલતના વિશેષ સીબીઆઈ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ મુખ્યમંત્રી કેજરીવાલને તેમનીED કસ્ટડીની મુદત પૂરી થવા પર અદાલતમાં રજૂ કરાયાં બાદ આ આદેશ આપ્યો હતો.

અગાઉ, ગયા મહિનાની 22 તારીખે, નીચલી અદાલતે તેમને છ દિવસની ED કસ્ટડીમાં મોકલ્યા હતા જે વધુ ચાર દિવસ લંબાવવામાં આવી હતી. શ્રી કેજરીવાલની કથિત દારૂ નીતિ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ED દ્વારા ગત 21મી માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના નેતાઓ મનીષ સિસોદિયા અને સંજય સિંહ પણ આ કેસમાં આરોપી છે અને હાલ ન્યાયિક કસ્ટડીમાં છે.

## JAISHANKAR-G20.rtf

વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતના અધ્યક્ષ પદે યોજાયેલી G-20 શિખર બેઠકને રાજકીય અને આર્થિક પુનઃસંતુલનનું ઉદાહરણ ગણાવ્યું છે. નવી દિલ્હીમાં ગઇકાલે સભ્યતા ફાઉન્ડેશન દ્વારા આયોજિત દિલ્હી વિરાસત કાર્યક્રમમાં સંબોધન કરતાં તેમણે આ મુજબ જણાવ્યુ હતું . તેમણે કહ્યું કે ઘણી રીતે, આ સંમેલન રાજકીય અને આર્થિક પુનઃસંતુલનનું ઉદાહરણ હતું, જ્યાં વિશ્વને પ્રભાવિત કરતા અથવા વિશ્વ પર પ્રભુત્વ ધરાવતા કેટલાક દેશોને બદલે, વ્યાપક બન્યું છે. તેમણે એ પણ નોંધ્યું કે G20 બેઠકમાં 'રાજકીય અને આર્થિક પુનઃસંતુલન' પછી હવે 'સાંસ્કૃતિક પુનઃસંતુલન' ને મહત્વ આપવામાં આવ્યું છે. આજે આપણો વારસો અને સભ્યતા, આપણી સંસ્કૃતિ, આપણી શ્રદ્ધા અને આપણી માન્યતાઓને રજૂ કરવી આપણા માટે નિર્ણાયક છે.

--------------------

## FM-TAX

નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આજથી શરૂ થતા નાણાકીયવર્ષમાં કર પ્રણાલીમાં કોઈ નવા ફેરફાર કરવામાં આવી રહ્યા નથી. મંત્રાલયે નવી કર પ્રણાલીને લઈ સોશિયલ મીડિયા પર આપવામાં આવી રહેલી માહિતીને ગેરમાર્ગે દોરનારી ગણાવીનેરદિયો આપ્યો છે.

મંત્રાલયે કહ્યું છે કે નવી કર વ્યવસ્થા મુખ્યત્વે વ્યક્તિગતકરદાતાઓને લાગુ પડે છે.

આ નાણાકીય વર્ષ 2023-24 થી ડિફોલ્ટ વ્યવસ્થા તરીકે લાગુ છે. નવી કર વ્યવસ્થા હેઠળ, કરના દરો નોંધપાત્ર રીતે ઓછા છે અને પગારમાંથી 50 હજાર અને કુટુંબ પેન્શનમાંથી 15 હજાર રૂપિયા જેવી વિવિધ છૂટ તેમજ કપાત જૂની વ્યવસ્થામાં ઉપલબ્ધ હતી તે ઉપલબ્ધ નથી. મંત્રાલયે કહ્યું કે કરદાતાઓ તેમના માટે ફાયદાકારક લાગે તે કર પ્રણાલી પસંદ કરી શકે છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આકારણી વર્ષ 2024-25 માટે રિટર્ન ફાઈલ ન થાય ત્યાં સુધીનવી કર વ્યવસ્થામાંથી નાપસંદ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. કોઈપણ વ્યવસાયિક આવક વિનાપાત્ર વ્યક્તિઓ પાસે દરેક નાણાકીય વર્ષ માટે કર શાસન પસંદ કરવાનો વિકલ્પ હશે. વ્યક્તિ એક નાણાકીય વર્ષમાં નવી કર વ્યવસ્થા પસંદ કરી શકે છે અને બીજા વર્ષમાં જૂની કરવ્યવસ્થા પસંદ કરી શકે છે.

## IMD-WEATHER

ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી ગુરુવાર વાવાઝોડા સાથે ભારે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ,

મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી બે-ત્રણ દિવસ સુધી ભારે વરસાદ અને બરફવર્ષાની શક્યતા વ્યક્ત કરી  છે.

વિભાગના જણાવ્યા પ્રમાણે  6 એપ્રિલ સુધી જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ, વિદર્ભ, ઉત્તર કર્ણાટક અને તેલંગાણામાં ગરમી રહેવાની આગાહી કરી છે. રાયલસીમા, તટીય આંધ્ર પ્રદેશ, કેરળ, તમિલનાડુ, પુડુચેરી અને ઓડિશામાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે..

## IPL

આઈપીએલ ક્રિકેટમાં  આજે મુંબઈના  વાનખેડે  સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સનો  મુકાબલો રાજસ્થાન  રોયલ્સ  સામે  થશે.  આ મેચ  સાંજે 7.30 વાગ્યે  શરૂ થશે.

દરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સનો સનરાઇઝર હૈદરાબાદ સામે સાત વિકેટે વિજય થયો હતો. જ્યારે વિશાખાપટ્ટનમમાં રમાયેલી  મેચમાં દિલ્હી કેપિટલ્સે  ચેન્નાઈ સુપર કિંગ્સને 20 રનથી હરાવ્યું હતું.

## PM-SIVAKUMARA

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આધ્યાત્મિક નેતા અને શિક્ષણશાસ્ત્રી ડૉ. શ્રી શ્રી શ્રી શિવકુમાર સ્વામીગાલુની જન્મજયંતિ પર તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છ . તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, ડૉ. સ્વામીગાલુએ નિઃસ્વાર્થતા અને કરુણાની સાચી ભાવના મૂર્તિમંત કરીને સમુદાય સેવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

તેમણે કહ્યું કે શિક્ષણ, સ્વાસ્થ્ય સંભાળ અને સમાજ કલ્યાણમાં ડો.સ્વામીગાલુનું કાર્ય લાખો જીવનને સ્પર્શી ગયું છે. અને તેમણે સમર્પણ અને માનવસેવાનું ગહન ઉદાહરણ સ્થાપિત કર્યું છે..